# આજના સમયની અનિવાર્યતાઃ મૂલ્ય શિક્ષણ

**Dr. Rajeshkumar Ishwarbhai Bhatt**
Associate Professor Shree I. J. Patel M.Ed Course, Mogari, Anand, Gujarat

Received: April 09, 2018 Accepted: May 14, 2018

આજનો વિદ્યાર્થી ટેક્નોલોજી અને તેમાંય નેનો ટેક્નોલોજીના યુગમાં અભ્યાસ કરી રહ્યો છે. ત્યારે તે પોતે શાળામાં અને શાળા બહાર પોતાના અસ્તિત્વની શૂન્યતા અનુભવી રહ્યો છે. આજનો વિદ્યાર્થી પોતાનું ભવિષ્ય સારૂં, સુખ સમૃદ્ધિવાળું બને એ માટે તેમજ રાષ્ટ્રના વિકાસમાં રાષ્ટ્રના પ્રશ્ન ઉકેલવામાં પોતાનો ફાળો અને સમય આપે તેવા બનાવવા માટે શિક્ષણ અથાગ પ્રયત્ન કરતું હોય છે, પણ આજે અભ્યાસ કરતો દિશાશૂન્ય વિદ્યાર્થી વધુને વધુ નિરાશા-હતાશાની દિશામાં ના વધવો જોઇએ, છતાંય આગળ વધી રહ્યો છે. આમ થવા પાછળના કારણોની ચર્ચા કરીએ તો તેના પોતાના અર્થપૂર્ણ જીવનના પાયાને લૂણો લાગ્યો હોય તેમ માલુમ પડે છે. ખરેખર વિદ્યાર્થી શિક્ષણ દ્વારા વર્તમાન જીવનમાંથી પ્રેરણા લઇ ભવિષ્યનું સમ્યક દર્શન કરવાની શક્તિ તેનામાં આવવી જોઇએ. વર્તમાનની જે કંઇ રાષ્ટ્રની સમસ્યાઓ હોય જેવી કે ભ્રષ્ટ્રાચારના ભૂતને ભગાડવા, કૌભાંડોનો કાયાકલ્પ કરવા, આજના રાજકારણને રોગમુક્ત કરવા કે વિસંવાદિતાના જીવાણુંઓને નેસ્તનાબુદ કરવા શાળાઓમાં મૂલ્યશિક્ષણ આપવું અનિવાર્યપણે હાલના સમયની માંગ છે. શિક્ષણએ તો ખરેખર મૂલ્યલક્ષી પ્રક્રિયા છે તે આ પ્રકારની પ્રક્રિયા બનશે તો જ જનસમાજમાં જીવનના શ્રેષ્ઠ ઉચ્ચત્તમ મૂલ્યોનું યોગ્ય સંરક્ષણ, સંવર્ધન તેમજ સંક્રમણ થશે તો જ આવતીકાલ આવનારા ભવિષ્યના દિવસો ઉજ્જવળ બની શકે તેમ છે અને એના માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય થઇ પડયું છે. વિદ્યાર્થી જે ભવિષ્યના રાષ્ટ્રના નાગરીકો છે તો તેમનામાં રાષ્ટ્રીય ચારિત્ર્યના ઘડતરનું કાર્ય શાળા કક્ષાએથી શાળામાં અપાતા શિક્ષણ દ્વારા થાય તે ખૂબ જરૂરી છે. કોઠારી કમિશને પણ કહ્યું છે કે ‘ભારતનું ભાવિ તેના વર્ગખંડમાં ઘડાય રહ્યું છે.’ આ વિચારને વેગવાન બનાવવા માટે મૂલ્યલક્ષી શિક્ષણ અનિવાર્ય થઇ પડયું છે. એટલા માટે જ અહીં જે ચર્ચા કરવાની છે એ બાબત આજના સમયની અનિવાર્યતા મૂલ્યશિક્ષણ પસંદ કરેલ છે.

મોટાભાગે બધા જ મૂલ્ય શબ્દથી પરિચિત તો છે જ. સામાન્યતઃ મૂલ્યએ આપણે કિંમત તરીકે વધારે જાણતા હોય છે, પણ સાથે સાથે મૂલ્ય શબ્દને જોઇએ તો કદર કરવી, પસંદગીમાં કોઇપણ વસ્તુ વિચારીને ઉચ્ચત્તમ છે તેવો નિર્ણય આપવો, પાત્રતા મૂલવવી, માનવને જેના વડે અને જેના માટે જીવવાનું મન થાય તેવા વિચારો, માન્યતાઓ મૂલ્ય છે, શારીરિક-માનસિક જરૂરિયાતોને સંતોષવા માટે મથવું, શું કરવું - કેવી રીતે કરવું? તે બાબત આપણા વર્તનની આધારશીલા એવા મૂલ્યો નક્કી કરતા હોય છે.

કાર્ટર વી. ગુડના મતે “મૂલ્યો એટલે મનોવૈજ્ઞાનિક, સામાજિક, નૈતિક કે સૌંદર્ય પરખતાને લક્ષમાં રાખીને માનવીની સારૂં-નરસું તારવવાની શક્તિ.”

મૂલ્ય એ અનુભવનો વિષય એટલી હદ સુધી બનવો જોઇએ કે જીવંત રહેવા માટે તેના દરેક સભ્યો પાસે મૂલ્યો હોવા જોઇએ અને દરેકને તેમાં શ્રદ્ધા હોવી જોઇએ. એટલા માટે કહીએ છીએ કે કોઇપણ રાષ્ટ્ર કે માનવી ઉપર હાવી થવું હોય તો તેમના જીવન મૂલ્યો પર પ્રહાર કરો. જો રાષ્ટ્ર કે માનવી તેમાં ડગી જશે તો અવશ્ય તે તમારો ગુલામ બની જશે. આવો સમય રાષ્ટ્ર કે માનવી પાસે ના આવે એટલે જ શાળા કક્ષાએ મૂલ્યોનું શિક્ષણ આપવું જોઇએ અને દરેકને તેમાં અથાગ શ્રદ્ધા પણ રહેવી જોઇએ.

**આજના સમયની અનવાર્યતા મૂલ્ય શિક્ષણઃ**

હાલના સમયમાં વિદ્યાર્થી શાળામાં બ્લુમ ટેક્ષોનોમીના હેતુઓ અનુસાર જ્ઞાન, સમજ, ઉપયોજન, સંશ્લેષણ, વિશ્લેષણ અને મૂલ્યાંકનના આધારે જુદા-જુદા વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરે પણ એની સાથે સાથે તે પોતે મૂલ્ય અભિમુખ થતો

જાય એ પણ એટલું જ જરૂરી છે. મૂલ્યોના થતા હ્રાસના કારણે તથા સમાજમાં વધી રહેલી હતાશાના કારણે સામાજિક તેમજ નૈતિક મૂલ્યોના ખેડાણ માટે શિક્ષણને વધુ સબળ સાધન બનાવવા અભ્યાસક્રમમાં પરિવર્તનોની આવશ્યકતા પર રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ પ્રકાશ પાડ્યો છે. કેળવણી એ માત્ર મનુષ્યને અપાતું અક્ષરજ્ઞાન નથી, પણ લાંબા સમય સુધી સમગ્ર શિક્ષણ જગતના અનુસંધાનમાં દરેક વિદ્યાર્થીના જીવન પર પ્રભાવ પાડતું મૂલ્ય છે.

આજના સમયમાં મનુષ્ય ઘણીબધી સરળ તેમજ કઠીન સમસ્યાઓની સામે ઉભો છે. આ સમયે પોતે મેળવેલા શિક્ષણનો યોગ્ય ઉપયોગ ન કરે તો તેની સંવેદનાઓ અને તેને મેળવેલા મૂલ્યોનું પતન થાય છે. આમ થશે તો મનુષ્ય પોતાના જીવનને જીવવા માટેનો ઉત્સાહ ધીરે ધીરે ગુમાવે છે અને તેનામાં રહેલી સર્જનશક્તિનો પણ નાશ થાય છે. આમ, મેળવેલા મૂલ્યો ટકી રહે અને મૂલ્યો પ્રતિ પ્રતિબદ્ધતા વધે તે માટે શાળામાં મૂલ્યશિક્ષણ આપવું ખાસ જરૂરી છે.

એક બાજુ એવી માન્યતા છે કે શાળામાં બાળકને સારું શિક્ષણ આપવામાં આવે તો તે પોતાની મેળે સારાં મૂલ્યો આત્મસાત કરશે, છતાં અત્યાર સુધી જે શિક્ષણના પંચો કે કમિશનો નિમાયા તેમાંથી મોટાભાગના બધાએ ભારતના શિક્ષણમાં મૂલ્યશિક્ષણની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આથી પણ મૂલ્યશિક્ષણ અપાવવું જ જોઇએ એ જરૂરી છે.

સામાજિક અને નૈતિક મૂલ્યો લોકોના જીવનમાં સંક્રમિત કરવા, સમાજને નૈતિક તેમજ આધ્યાત્મિક અધઃપતન તરફ જતો બચાવવા અને ઉન્નતિ તરફ આગળ પ્રયાણ કરે તે માટે, દેશની ઉજ્જવળ સાંસ્કૃતિક પરંપરાઓ, માન્યતાઓ, પ્રણાલીઓ અને આદર્શોના જતન માટે, સમાજ અને સમાજના લોકો પાસે ભૌતિક સમૃદ્ધિ વધવા છતાં સમાજ અને લોકોમાં આંતરિક અજંપો અને અશાંતિ વધતી જાય છે. આમાંથી ઉગારવા માટે નૈતિક, આધ્યાત્મિક અને સામાજિક મૂલ્યોનું શિક્ષણ આપવું અનિવાર્ય થઇ પડયું છે.

પ્રાચીન શાશ્વત અને સનાતન મૂલ્યો જેવાં કે સત્ય, અહિંસા, ભાતૃભાવ જેવા મૂલ્યોનું ધોવાણ થયું છે. આવા પ્રાચીન અને શાશ્વત મૂલ્યોની પુનઃ સ્થાપના કરવા માટે, માત્ર અને માત્ર ભૌતિકવાદ તરફ જતા અટકાવવા માટે, વિદ્યાર્થીઓમાં નાનપણથી પૂર્વગ્રહો અને દૂરાગ્રહોથી દૂર રાખવા શિક્ષણ દ્વારા મૂલ્યો સંક્રમિત કરવા જરૂરી છે.

વિદ્યાર્થીઓમાં કેટલાંક મૂળભૂત માનવીય ગુણોનો વિકાસ કરવા, આપણા લોકશાહી દેશમાં લોકશાહીનું સંરક્ષણ અને સંવર્ધન કરવા, રાષ્ટ્રીયતાના મૂલ્યો વિકસાવવા મૂલ્યોનું શિક્ષણ આપવું અનિવાર્ય થઇ પડયું છે. સાથે - સાથે સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોના શિક્ષણ થકી વિદ્યાર્થીઓમાં સ્વમાનની લાગણી અને વારસાગત ગુણોના વિકાસ કરવા માટે શાળા કક્ષાએથી મૂલ્યશિક્ષણ આપવું જરૂરી છે.

દરેક વિદ્યાર્થીઓમાં શાળા કક્ષાએથી જ સ્વસ્થ જીવન જીવવા માટેના યોગ્ય વલણોનો વિકાસ થાય અને પોતાની જાત પ્રત્યે, સમાજ પ્રત્યે, રાષ્ટ્ર પ્રત્યે, વિશ્વ પ્રત્યે, પર્યાવરણ પ્રત્યે તેમજ સમગ્ર માનવજાત પ્રત્યે વિશ્વ બંધુત્વની ભાવના અને હકારાત્મક વલણોનો વિકાસ થાય તે માટે શાળા કક્ષાએથી મૂલ્યશિક્ષણ આપવું જરૂરી છે.

આજના સમયમાં મૂખ્ય સિદ્ધાંતો, નીતિ નિયમોના ઓથા હેઠળ માનવીય મૂલ્યોનું નકારાત્મક શક્તિઓના પ્રભાવ હેઠળ એનકાઉન્ટર થઇ રહ્યું છે તે આજના સમયમાં અટકાવવું બહું જ જરૂરી છે તો જ સમાજ અને રાષ્ટ્ર લાંબા સમય સુધી ટકી રહી દરેકને સલામતી અને રક્ષણ પૂરું પાડશે. આ તો જ થશે કે દેશના દરેક લોકોની મૂલ્યો પ્રત્યેની સભાનતા કેળવાય અને તેના માટે શાળાઓ પોતાના વિદ્યાર્થીઓ થકી સમાજમાં વિવિધ નવજાગ્રત અવનવા કાર્યક્રમો કરી સમાજને સભાન બનાવવો પડશે. માટે પણ શાળા કક્ષાએથી વિદ્યાર્થીઓના આચરણમાં પણ સમાજને મૂલ્યો દેખાય તે માટે મૂલ્યશિક્ષણ આપવું જોઇએ.

શાળા-મહાશાળાઓમાં જ્ઞાન વિદ્યાની સાથે સાથે જો મૂલ્યશિક્ષણ યેનકેન પ્રકારે વિદ્યાર્થીઓને નહી આપવામાં આવે તો શાળા-મહાશાળા વિદ્યાર્થીઓને આળસુ બનાવનારા કારખાના જ છે એવું સમાજ અને રાષ્ટ્રને લાગશે, માટે આજના

વિદ્યાર્થીઓ જ્યારે ભાવિ નાગરિકો તરીકેનું શિક્ષણ મેળવી રહ્યા છે ત્યારે ભવિષ્યમાં આળસુ ન બને તે માટે જ્ઞાનની સાથે સાથે મૂલ્યોને લગતું શિક્ષણ આપવું જરૂરી છે.

વિદ્યાર્થી અવસ્થામાં જેમણે જુદા-જુદા વિષયોના જ્ઞાનની સાથે સાથે જીવનના મૂલ્યો પ્રત્યેની વફાદારી ટકાવવા મૂલ્યશિક્ષણ મેળવ્યું છે તેવા વિદ્યાર્થીઓની સામે ભવિષ્યમાં જીવનની અનેક વિસંગતતાઓ આવે કે પોતાની સામે અનેક વિરોધાભાસો આવે તો પણ તે પોતાના વ્યવહાર અને વર્તન દ્વારા તેની સામે નાસીપાસ થયા વિના તે ઉકેલવા માટેની તેની સામે પ્રતિકાર કરવા માટેની ઉકેલો શોધવા માટેની શક્તિઓ જાગ્રત કરી ઉન્નત રીતે જીવન જીવવા માટેની પ્રેરણા જીવન પર પ્રભુત્વ મેળવવાની આવડત તેમને આપતા રહેશે.

શિક્ષણએ દરેક વ્યક્તિના જીવનમાં વિકાસનો ભાગ ભજવે છે. ઉજ્જવળ ભવિષ્યની કલ્પના કરવાની સાથે સાથે શિક્ષણ થકી જીવનના મૂલ્યોનો અભાવ કે ઊણપ ન રહે તે જોવાની જવાબદારી પણ શિક્ષણે જ લેવી પડશે. માતા -પિતાએ પણ પોતાના બાળકોના ભવિષ્ય માટે પોતાનો સમય આપી, પહેલા પોતાનામાં મૂલ્યો વિકસાવી પછી પોતાના બાળકોમાં એ જ નૈતિક મૂલ્યોનું સિંચન કરવું જોઇએ.

જીવનમાં નિતીમત્તા અને મૂલ્યોનું આગવું સ્થાન હોવું જોઇએ. જો માણસના જીવનમાં મૂલ્યો ખલાસ થઇ જશે તો ભલે ને તે સૌથી ધનવાન હોય પણ એ ધન કોઇ જ કામનું નથી. જો જીવનમાં મૂલ્યો હશે તો તે માણસ ભલે ને ગરીબ હોય કોઇપણ પ્રકારનો વ્યવસાય કરતો હોય પણ છતાંય એ માણસ સુખી હશે. કારણ કે તેઓના જીવનમાં મૂલ્યોનું આગવું સ્થાન છે અને તે પોતે આત્મસાત કરેલા મૂલ્યો થકી જ તેનું જે કંઇ છે એમાં તે આનંદ અનુભવે છે, માટે આપણે આપણા સમાજના રાષ્ટ્રના નાગરિકોને ભવિષ્યમાં ગમે તે પરિસ્થિતિ સંજોગો મૂંઝવણોમાં પણ નાસીપાસ થયા વગર તે પોતાના વ્યવહાર આચરણ થકી તેનો ઉકેલ લાવે, તેનો જવાબ આપે અને સદાય અભ્યાસ કરતી વખતે કે વ્યવસાય કરતી વખતે આનંદ અનુભવતા કરવા હોય તો આજના સમયની અનિવાર્યતા છે કે શાળામાં જુદા જુદા વિષયોના શિક્ષણ થકી બ્લુમ ટેક્ષોનોમીના આધારે જ્ઞાનાત્મક ક્ષેત્રની સાથે સાથે કેથોલના ભાવાત્મક ક્ષેત્રોની સમજ અને મૂલ્યશિક્ષણ આપવું ખૂબ જરૂરી છે.

**સંદર્ભ સૂચિઃ**


1. ત્રિવેદી, નર્મદ હ., મૂલ્ય શિક્ષણ, શિક્ષણ સંવર્ધન અભિયાન સમન્વય, અમદાવાદ.
2. જોષી, દક્ષા હ., મૂલ્યોનું શિક્ષણ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
3. જોષી, એચ. ઓ., શૈક્ષણિક તત્વજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
4. રાવલ, એન. વી., કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ.